# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧ તા.૦૧-૦૪-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ-૫ અને ધોરણ-૬ ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષા આપવા બાબત

સંદર્ભ:- ૧. અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ રાપબો/ CET/ ૨૦૨૩/ ૩૩૮૮-૩૫૨૭, તા. ૨૦/૦૩/૨૦૨૩

૨. તા.૦૧-૦૪-૨૦૨૩ના રોજ વિડિયો કોન્ફરન્સમાં મળેલ સૂચના

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના પરિપત્ર નં. ૧૩૨, તા. ૨૩/૦૩/૨૦૨૩ મુજબ ધો.૬ ના વિદ્યાર્થીઓ પણ કોમન પ્રવેશ પરીક્ષા આપવા માંગતા હોય, પુનઃ ધો.૬માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો આવા વિદ્યાર્થીઓના વાલીની સંમતિ લઈ ફોર્મ ભરવા જણાવવામાં આવે છે. તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ પરીક્ષાની કામગીરી પુર્ણ થયા બાદ ધો.૫ અને ધો.૬ (ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા સ્વૈચ્છિક છે) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓની મીટીંગ યોજી રાજય પરીક્ષાબોર્ડના જાહેરનામાની જોગવાઈઓ અને આનાથી વિદ્યાર્થીઓને થનાર ફાયદાઓ સમજાવી વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લે, ઉત્તીર્ણ થાય અને મેરીટમાં આવે તે માટે એસ.એમ.સી. અને વાલીઓની મિટિંગ કરવા શાળાકક્ષાએ સુચારૂ આયોજન અને વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'કોમન એન્ટ્રન્સ ટેસ્ટ'ના કારણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા તૈયાર થવાની પ્રેરણા મળશે તેમજ વર્ષ ૨૦૨૩-૨૪માં આ પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને તે પૈકી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની ગણતરી સ્કૂલ એક્રેડિટેશના ગુણાંકનમાં કરવામાં આવનાર હોઈ શાળાના પરિણામમાં ચોકકસ વધારો થશે.

ગુજરાત સરકાર સામાજિક ભાગીદારીથી આધુનિક સુવિધાઓ, માળખાકીય સુવિધાઓ, ટેકનોલોજીથી સજજ શાળાઓ અને રમત-ગમત, કલા કૌશલ્યની વિદ્યાર્થીલક્ષી તાલીમને કારણે ગુજરાતના પ્રાથમિક શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફારો થશે. ગરીબ મધ્યમવર્ગના બાળકોનું ભાવિ ખૂબ જ ઉજ્જવળ અને તેજસ્વી બનશે. તેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લે તે ઈચ્છનીય છે.

કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ભાગ લેનાર બાળકોને પરીક્ષાલક્ષી યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે તાર્કિક ક્ષમતા કસોટી, ગણિત સજજતા, પર્યાવરણ, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી વિષયના ૧૨૦ માર્કસના ગુણભારને ધ્યાને લઈને તાઃ-૧૦-૦૪-૨૦૨૩થી તા.૨૬-૦૪-૨૦૨૩ સુધી (રવિવાર અને જાહેર રજાઓ સિવાય) રોજે રોજ એક તાસના માર્ગદર્શન વર્ગો યોજી ૧૦૦% વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય તે માટે શાળાકક્ષાએ યોગ્ય વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.આ અંગેનું જરૂરી સાહિત્ય રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવેલ છે તેનો ઉપયોગ કરવાનો રહેશે.

તા. ૦૧-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી